**છહ ઢાળા – ઢાળ ૧** **Exam - 50 Marks, 1hour**

પ્ર-૧: ખાલી જગ્યા પૂરો (any 5). 10 Marks

૧. કભી ______________ કરૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ.

૨. તીન ભુવનમેં સાર, ___________-____________.

૩. દુર્લભ લહિ જ્યોં ______________, ત્યોં પર્યાય લહિ ત્રસતણી.

૪. __________ તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર.

૫. ___________ કો નાજ જુ ખાય, મિટૈં ન ભૂખ કણા ન લહાય.

૬. અર્ધમૃતકસમ ____________, કૈસે રૂપ લખૈ આપનો.

પ્ર-૨: Multiple Choice Questions (any 8) 8 Marks

| | | |
|---|---|---|
| ૧. ભવ્ય જીવ એટલે: | (અ) જે ક્યારે મોક્ષ નહિં જાય,<br>(ક) જે આ જ ભવે મોક્ષ જશે, | (બ) જે મોક્ષમાં જ છે,<br>(ડ) જેનામાં મોક્ષ જવાની યોગ્યતા છે. |
| ૨. મેરૂ પર્વતની ઊંચાઈ કેટલી છે? | (અ) ૧,૦૦,૦૦૦ કોશ,<br>(ક) ૧,૦૦,૦૦૦ ગાઉ, | (બ) ૧,૦૦,૦૦૦ યોજન,<br>(ડ) ૧,૦૦,૦૦૦ ધનુષ. |
| ૩. જલકાયિક જીવ એટલે: | (અ) પાણીમાંના bacteria,<br>(ક) પાણી જેનું શરીર છે તે, | (બ) પાણીમાંના virus,<br>(ડ) $H_2O$ molecule. |
| ૪. ચાર ઈન્દ્રિય જીવને શું ન હોય? | (અ) કર્ણ ઈન્દ્રિય,<br>(ક) રસ ઈન્દ્રિય, | (બ) સ્પર્શ ઈન્દ્રિય,<br>(ડ) ચક્ષુ ઈન્દ્રિય. |
| ૫. નરકની વૈતરણી નદીમાં શું વહે છે? | (અ) પરુ અને ચર્મ,<br>(ક) અસ્થિ અને ચર્મ, | (બ) લોહી અને અસ્થિ,<br>(ડ) લોહી અને પરુ. |
| ૬. વીતરાગી દેવ કેટલા દોષથી રહિત હોય છે? | (અ) ૧૬,<br>(ક) ૧૮, | (બ) ૧૭,<br>(ડ) ૧૯. |
| ૭. ભવનવાસી કેવા દેવ છે? | (અ) કલ્પોત્પન્ન,<br>(ક) કલ્પાતીત, | (બ) અધોલોકવાસી,<br>(ડ) મધ્યલોકવાસી. |
| ૮. અરિહંત ભગવાન કઈ ગતિના જીવ છે? | (અ) મનુષ્ય,<br>(ક) દેવ, | (બ) ગતિ રહિત છે,<br>(ડ) નિગોદ. |
| ૯. એક સાગરમાં કેટલા વર્ષ? | (અ) સંખ્યાત,<br>(ક) અનંત, | (બ) અસંખ્યાત,<br>(ડ) અનંતાનંત. |

પ્ર-3: સાચુ કે ખોટું. ખોટું હોય તો સાચો જવાબ સમજાવો (any 8) 8 Marks

૧. ત્રણ કાળમાં કોઈ પણ સમયે રત્નત્રય પ્રાપ્તિની યોગ્યતા હોવાવાળા જીવને અભવ્ય કહે છે.

૨. નરકમાં જીવ નિરંતર માર-કાટને કારણે નિગોદથી પણ વધુ દુ:ખ ભોગવે છે.

3. જીવનું ચતુર્ગતિરૂપ સંસાર પરિભ્રમણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે છે.

૪. નિગોદિયા જીવનું આયુષ્ય ૦.૦૪૬ સેકેંડનું હોય છે.

૫. દેવ ૪ પ્રકારના હોય છે – ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક.

૬. ત્રીજી નરકની નીચે સમ્યકત્વ પ્રાપ્ત કરી શકાતું નથી.

૭. દેવગતિમાં જીવ વિષયરૂપી અગ્નિમાં દહનને કારણે દુ:ખી છે.

૮. સામાન્ય વનસ્પતિકાયમાં એક શરીરમાં અસંખ્યાત જીવો રહે છે.

૯. નારકી જીવો અસંજ્ઞી હોય છે.

પ્ર-3: એક શબ્દ/વાક્યમાં જવાબ લખો (any 10) 10 Marks

૧. આ જીવે અનાદિથી શેનો દારૂ પીધો છે?

૨. નિગોદના જીવોને શેનું દુ:ખ છે?

3. સ્થાવર અને ત્રસ જીવોના કેટલા પ્રકાર છે?

૪. સંજ્ઞી જીવ કોને કહે છે?

૫. નરકની ભૂખ અને તરસ કેવી હોય છે?

૬. પરિવર્તન કેટલા પ્રકારના છે? કયા કયા?

૭. છહઢાળા ગ્રંથના રચયિતા કોણ છે?

૮. વિતરાગ-વિજ્ઞાનતા કેવી છે?

૯. જીવે અનંત કાળ ક્યાં વિતાવ્યો છે?

૧૦. ચિન્તામણી રત્ન સમાન શું છે?

૧૧. ભવનત્રિકમાં કયા કારણથી ઉત્પન્ન થવાય છે?

પ્ર-૪: તફાવત લખો (any 4, 2 points for each) 8 Marks

૧. સંજ્ઞી અને અસંજ્ઞી

૨. સ્થાવર અને ત્રસ

3. દ્રવ્ય મન અને ભાવ મન

૪. સાધારણ અને પ્રત્યેક વનસ્પતિ

૫. મનુષ્ય ગતિ અને દેવ ગતિમાં દુ:ખ

પ્ર-૫: વિસ્તારથી જવાબ લખો (any 1) 6 Marks

૧. નરક ગતિના દુ:ખોનું વર્ણન કરો.

૨. તિર્યંચ ગતિના દુ:ખોનું વર્ણન કરો.

**છહ ઢાળા – ઢાળ ૨** **Exam - 50 Marks, 1hour**

પ્ર-૧: ખાલી જગ્યા પૂરો (any 5). 10 Marks

૧. ઐસે ______________________, વશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ.

૨. જીવાદિ _________________ તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ.

૩. __________ પ્રગટ યે દુ:ખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન.

૪. રોકે ન ચાહ _______________ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય.

૫. ધારૈં કુલિંગ લહિ મહતભાવ, તે ___________ જન્મજલ-ઉપલનાવ.

૬. _________________________ દેહુ ત્યાગ, અબ દૌલત! નિજ આતમ સુપાગ.

પ્ર-૨: ક્યો જવાબ સાચો છે? 5 Marks

| | | |
|---|---|---|
| ૧. જીવને દુ:ખનું કારણ શું છે? | (અ) મિથ્યાદર્શન<br>(ક) મિથ્યાચારિત્ર | (બ) મિથ્યાજ્ઞાન<br>(ડ) મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર |
| ૨. આત્માને ભૂલીને શરીર અને રાગમાં એકતાબુદ્ધિ તે | (અ) કષાય<br>(ક) બન્ધ | (બ) આસ્રવ<br>(ડ) મિથ્યાત્વ |
| ૩. પ્રયોજતભૂત તત્ત્વ કેટલા છે? | (અ) ૪<br>(ક) ૬ | (બ) ૫<br>(ડ) ૭ |
| ૪. ઈચ્છાઓની પૂર્તિમાં સુખ માનવું તે ક્યા તત્ત્વની ભૂલ છે? | (અ) જીવ<br>(ક) આસ્રવ | (બ) બંધ<br>(ડ) નિર્જરા |
| ૫. શરીર ઉપજતા મારો જન્મ માનવો ક્યા તત્ત્વની ભૂલ છે? | (અ) જીવ<br>(ક) આસ્રવ | (બ) અજીવ<br>(ડ) મોક્ષ |
| ૬. કુશાસ્ત્ર શેનાથી દોષિત હોય છે? | (અ) એકાન્તવાદ<br>(ક) અનેકાન્તવાદ | (બ) સ્યાદવાદ<br>(ડ) આમાંથી કોઈ નહિં |

પ્ર-3: એક શબ્દમાં જવાબ આપો 10 Marks

૧. સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણરહિત =

૨. સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણસહિત =

3. જીવના જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાનો વ્યાપાર =

૪. આત્માના સ્વરૂપની વિપરીત શ્રદ્ધા =

૫. ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો ઘાત કરવો =

૬. મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ વિકારોની ઉત્પત્તિ =

૭. રાગાદિ ભાવોથી સદોષ ગુરુ =

૮. મૂર્તિક દ્રવ્ય =

૯. ચાર ગતિમાં પરિભ્રમણનું કારણ =

૧૦. જીવ અને અજીવ તે કેવા તત્ત્વ છે અને બાકીના પાંચ કેવા તત્ત્વ છે =

પ્ર-૪: હા કે ના માં જવાબ આપો 10 Marks

૧. શું આત્મા ભગવાન થઈ શકે?

૨. શું દેવ ગતિમાં જીવ મનુષ્ય ગતિ કરતાં વધારે સુખી છે?

૩. શું ઈન્દ્રિય જ્ઞાન દ્વારા મોક્ષસુખની ઓળખ થઈ શકે?

૪. શું મુક્ત જીવ એક બીજા સાથે મળી જાય છે?

૫. શું ધર્મથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે?

૬. શું કુગુરુ જીવને માનવાથી જીવ ડુબે છે?

૭. શું ભગવાન ભક્તોને તારે છે?

૮. શું આહાર દાનથી મોક્ષ મળે છે?

૯. શું તે મહાવીર ભગવાનના માર્ગમાં છે જે રાગથી ધર્મ માને છે?

૧૦. શું અનેકાન્તવાદ બતાવતાં શાસ્ત્ર કુશાસ્ર છે?

પ્ર-૫: પરિભાષા લખો. 5 Marks

૧. અગૃહિત મિથ્યાદર્શન

૨. ગૃહિત મિથ્યાત્વ

૩. કુદેવ

૪. પ્રયોજનભૂત

૫. આસ્રવ તત્ત્વની ભૂલ

પ્ર-૬: જોડકા જોડો 10 Marks

| | |
|---|---|
| ૧. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર | ક. બંધ તત્ત્વની ભૂલ |
| ૨. જીવ તત્ત્વનું લક્ષણ | ખ. આત્મહિતના માર્ગમાં ચાલો |
| ૩. રતિ-અરતિ કરૈ નિજપદ વિસાર | ગ. આત્માનું હિત |
| ૪. જગજાળ ભ્રમણને ત્યાગ કરનાર | ઘ. ચૈતન્યમય |
| ૫. વિષયાદિક અને એકાન્તવાદનું પોષક | ચ. પત્થરની નૌકા |
| ૬. સુખી થવું | છ. વિષવૃક્ષ |
| ૭. આઠ કર્મ | જ. વીતરાગ-વિજ્ઞાન |
| ૮. કુગુરુ | ઝ. સંસાર |
| ૯. જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ | ત. ગૃહિત મિથ્યાજ્ઞાન |
| ૧૦. શિક્ષા | થ. જ્ઞાની |

**છ ઢાળા – ઢાળ 3** **Exam - 50 Marks, 1hour**

પ્ર-૧: ગાથા સમજાવો 6 Marks

૧. આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા-બિન કહિયે,
આકુલતા શિવમાંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે.

૨. 'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવે,
યહ નર ભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવે.

પ્ર-૨: જોડકા જોડો 4 Marks

| | |
|---|---|
| ૧. કુદેવ | ક. નિકલ પરમાત્મા |
| ૨. વ્રતી શ્રાવક | ખ. મૂઢતા |
| ૩. સિદ્ધ | ગ. સમ્યક્ત્વી |
| ૪. સંવેગ | ઘ. અંતરાત્મા |

પ્ર-૩: એક વાકયમાં જવાબ લખો 10 Marks

૧. મોક્ષમાર્ગનું નિરૂપણ કેટલા પ્રકારે કરવામાં આવ્યું છે? કયા કયા?
૨. અવગાહનહેતુત્વ કયા દ્રવ્યનો વિશેષ ગુણ છે?
૩. મોક્ષમહેલનું પહેલું પગથિયું શું છે?
૪. નિશ્ચય અને વ્યવહારમાં કોણ કોનું કારણ છે?
૫. સાત તત્ત્વના નામ લખો.
૬. કયા ત્રણ પ્રકારના જીવ છે?
૭. ષટ્ અનાયતનના નામ લખો.
૮. નિ:કાંક્ષિત અંગ કોને કહે છે?
૯. तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् એટલે શું?
૧૦. વર્ણ ગુણની પાંચ પર્યાયો લખો.

પ્ર-૪: પરિભાષા લખો. 10 Marks

૧. નિશ્ચય સમ્યકચારિત્ર
૨. બહિરાત્મા
૩. પુદ્ગલદ્રવ્ય
૪. નિકલ
૫. દ્રવ્ય-નિર્જરા

પ્ર-૫: ભેદ-પ્રભેદ લખો 15 Marks

૧. મદ
૨. અજીવ
૩. સમ્યકત્વના અંગ
૪. મૂઢતા
૫. આસ્રવ

પ્ર-૬: સમ્યકત્વ પ્રાપ્ત કરવાનો માર્ગ તમારા શબ્દોમાં લખો (છઢાળાના આધારે). 5 Marks

નામ:

**છ ઢાળા – ઢાળ ૪** **Exam - 50 Marks, 1hour**

## પ્ર-૧: ખાલી જગ્યા પૂરો 10 Marks

૧. __________ કારણ જાન, __________ કારજ હૈ સોઈ ( સમ્યક, જ્ઞાન, ચરિત્ર )
૨. __________ સમાન ન આન જગતમેં સુખકો કારન ( જ્ઞાન, ચારિત્ર )
૩. મુનિવ્રત ધાર અનંત બાર __________ ઉપજાયો ( ગ્રીવક, અનુત્તર )
૪. સંશય-__________-મોહ ત્યાગ, આપો લખ લીજે ( વિનય, વિભ્રમ )
૫. વિષય-ચાહ __________, જગત-જન-અરનિ દઝાવૈ ( દવ-આગ, દવ-દાહ )
૬. લાખ બાતકી બાત યહી, __________ ઉર લાવો ( નિશ્ચય, વ્યવહાર )
૭. સમ્યકજ્ઞાની હોય, બહુરિ દિઢ __________ લીજૈ ( તપ, ચારિત )
૮. ધર ઉર __________, સદા સામાયિક કરિયે ( આતમભાવ, સમતાભાવ )
૯. બારહ વ્રતકે __________, પન પન ન લગાવૈ ( અતિચાર, અનાચાર )
૧૦. યોં શ્રાવકવ્રત પાલ, સ્વર્ગ __________ ઉપજાવૈ ( પંચમ, સોલમ )

## પ્ર-૨: જોડકા જોડો 10 Marks

| | |
|---|---|
| ૧. જ્ઞાન | ક. તત્ત્વાથશ્રદ્ધાન |
| ૨. અવધિજ્ઞાન | ખ. સુમણિ |
| ૩. એકદેશ | ગ. દોષ – સંશય |
| ૪. શ્રદ્ધા | ઘ. મન-વચન-કાય |
| ૫. દિગ્વ્રત | ભ. અણુવ્રત |
| ૬. ગુપ્તિ | ર. બ્રહ્મચર્ય |
| ૭. રાગ કથા | ત. ગમનની મર્યાદા |
| ૮. શ્રુતજ્ઞાન | ય. મર્યાદિત જ્ઞાન |
| ૯. મનુષ્યભવ | સ. દુઃશ્રુતિ |
| ૧૦. પરસ્ત્રીથી વિરત | દ. પરોક્ષ |

## પ્ર-3: પરિભાષા લખો. 10 Marks

૧. અનર્થદંડ
૨. ઉપભોગ
૩. પરોક્ષ
૪. કેવળજ્ઞાન
૫. સંલ્લેખના

## પ્ર-૪: ભેદ-પ્રભેદ લખો 10 Marks

૧. જ્ઞાન
૨. અનર્થદંડ
૩. દસ દિશા
૪. વિકથા
૫. ચાર હિંસા

## પ્ર-૫: શ્રાવકના બાર વ્રત તમારા શબ્દોમાં લખો ( છઢાળાના આધારે ). 10 Marks

**છ ઢાળા – ઢાળ ૫** **Exam - 50 Marks, 1hour**

પ્ર-૧: ગાથા બાર ભાવના ના ક્રમમાં ગોઠવો 5 Marks

૧. ચહુંગતિ દુઃખ જીવ ભરૈ હૈં, પરિવર્તન જીવ કરૈ હૈં,
સબવિધિ સંસાર અસારા, યામેં સુખ નાહિં લગારા.
૨. કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષટ્દ્રવ્યમયી ન હરૈ કો,
સો લોકમાંહિ બિન સમતા, દુઃખ સહૈ જીવ નિત ભ્રમતા.
૩. પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી,
નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમ યારી ?
૪. જો યોગનકી ચપલાઈ, તાતૈં હ્વૈ આસ્રવ ભાઈ,
આસ્રવ દુઃખકાર ઘનેરે, બુધિવંત તિન્હે નિરવેરે.
૫. જો ભાવ મોહતૈં ન્યારે, દગ-જ્ઞાન-વ્રતાદિક સારે,
સો ધર્મ જબૈ જિય ધારે, તબ હી સુખ અચલ નિહારૈ.

પ્ર-૨: ખાલી જગ્યા પૂરો 10 Marks

૧. મન, વચન, કાયાની ક્રિયાને ...................... કહે છે.
૨. જીવને સદાય પોતાથી પોતાને ...................... અને પરથી ...................... છે.
૩. જીવ અનાદિ કાળથી ચાર ગતિમાં ફરતા પાંચ ...................... કરે છે.
૪. આશ્રવનું રોકાવું તે ...................... છે.
૫. મિથ્યાદ્રષ્ટિ જીવ દેવ ગતિમાં ...................... સુધી ઉત્પન્ન થાય છે.
૬. બાર ભાવના તે ...................... ગુણની આંશિક શુદ્ધ પર્યાય છે.
૭. ...................... એટલે સમ્યકદર્શન-સમ્યકજ્ઞાન- સમ્યકચારિત્ર.
૮. બોધિદુર્લભ ...................... નંબર ની ભાવના છે.
૯. બાર ભાવનાનું ચિંતવન કરવાથી ...................... ભભૂકી ઉઠે છે.
૧૦. મુનિ ...................... બડભાગી.

પ્ર-૨: એક વાક્યમાં જવાબ લખો 10 Marks

૧. બાર ભાવનાઓ માંથી કોઈપણ આઠના નામ લખો.
૨. પાંચ પરાવર્તન માંથી કોઈપણ ચારના નામ લખો.
૩. દસ ધર્મ માંથી કોઈપણ ચારના નામ ક્રમસર લખો.
૪. આઠ કર્મ માંથી કોઈપણ ચારના નામ લખો.
૫. શરીરમાં રહેલા અશુચિ પર્દાથ કોઈપણ ચારના નામ લખો.

પ્ર-3: નીચેના શબ્દોના મતલબ સમજાવો ( એક વાક્યમાં ) 10 Marks

| | |
|---|---|
| ૧. બડભાગી | ૨. ખગાધિપ |
| ૩. રુધિર | ૪. ગો |
| ૫. સાધૌ | ૬. લગારા |
| ૭. માઈ | ૮. ચપલાઈ |
| ૯. સુત | ૧૦. જલ-પય |

**છ ઢાળા – ઢાળ ૬** **Exam - 50 Marks, 1 hour**

પ્ર-૧: ખાલી જગ્યા પૂરો 10 Marks

૧. જિન પરમ __________ સુબુધિ છૈની, ડારિ અંતર ભેદિયા ( પૈની, પૈલી, સહેલી )
૨. __________ દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં ( નિશ્ચય-વ્યવહાર, મુખ્યોપચાર )
૩. પ્રગટિ જહાઁ __________ યે, તીનધા એકૈ લસા ( દગ, દગ-જ્ઞાન, દગ-જ્ઞાન-વ્રત )
૪. ભૂમાહિં પિછલી રયનીમેં કછુ શયન __________ કરન ( એકાસન, અંતરમુહુર્ત )
૫. અર્ઘાવતારન અસિ-પ્રહારનમેં સદા __________ધરન ( સમતા, પ્રભુતા, રમણતા )
૬. પરમાણ-નય-નિક્ષેપકૌ, ન __________ અનુભવમેં દિખૈ ( પ્રગટતા, ઉદ્યોત, ઉદય )
૭. યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન __________ જો આનંદ લહ્યો ( અનંત, અકથ, અમાપ )
૮. __________ ખાર અપાર પારાવાર તરિ તિરહિં ગયે ( સંસાર, ચઉગતિ, બ્રહ્માંડ )
૯. જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં __________ નિજ હિત કરૌ ( જલદિ, ઝટ, ઝટિતિ )
૧૦. યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં __________ સેઈએ ( સમતા, સમામૃત, સમભાવ )

પ્ર-૨: જોડકા જોડો 10 Marks

| | |
|---|---|
| ૧. નિક્ષેપ | ક. ઈષત્ પ્રાગ્ભાર |
| ૨. સુબુધિ છૈની | ખ. અગુરુલઘુત્વ |
| ૩. ચારિત્ર | ગ. ૪૬ |
| ૪. સિદ્ધ ભગવાનનો ગુણ | ઘ. ચાર ઘાતિ કર્મનો ક્ષય |
| ૫. પ્રમાણ | ભ. ભેદવિજ્ઞાન |
| ૬. શુક્લ ધ્યાન | ર. તપ |
| ૭. પરિષહ | ત. ૪ |
| ૮. અષ્ટમ્ ભૂ | ય. ૧૩ |
| ૯. આહાર દાનના દોષ | સ. તૃણસ્પર્શ |
| ૧૦. વૈયાવૃત્ય | દ. પરોક્ષ |

પ્ર-3: ટૂંકમાં જવાબ લખો 10 Marks

૧. નય કોને કહે છે ( તમારા શબ્દોમાં લખો. )?
૨. છ ઢાળાના રચયિતા કોણ છે?
૩. સ્વરૂપાચરણ ચારિત્ર ફક્ત મુનિરાજને જ હોય છે, અવિરત સમ્યકદ્દષ્ટિને નહીં. સાચું કે ખોટું?
૪. અનંત ચતુષ્ટય એટલે શું?
૫. જીવ ક્યા સ્વભાવથી સિદ્ધ થયા પછી લોકાગ્રે ગમન કરે છે?
૬. ભાવઘાતિકર્મ એટલે શું?
૭. સુકુમાલ મુનિની કથા ૩-૪ લીટીમાં લાખો.
૮. ભાષા સમિતિ અને વચન ગુપ્તિમાં શું અંતર છે?
૯. મુનિરાજના ષટ્ આવશ્યક ક્યા ક્યા છે?
૧૦. ચિત્-પિંડ અને સુગુણકરંડ શબ્દોનો શું મતલબ છે?

<u>પ્ર-૪: ભેદ–પ્રભેદ લખો</u> <u>10 Marks</u>

૧. સમિતિ
૨. ઘાતિકર્મ
૩. રત્નત્રય
૪. દસ ધર્મ
૫. આવશ્યક

<u>પ્ર–૫:</u> સ્વરૂપાચરણ ચારિત્ર પહેલા ભેદજ્ઞાન અને શુદ્ધોપયોગનું વર્ણન કરો. <u>5 Marks</u>

<u>પ્ર–૬:</u> મુનિરાજના ૨૮ મૂળગુણનું સ્વરૂપ લખો. <u>5 Marks</u>

પ્ર-૪: તફાવત લખો ( બે પોઈન્ટ ) 10 Marks

૧. સવિપાક અને અવિપાક નિર્જરા
૨. સોળ સ્વર્ગ અને ગ્રૈવેયક
૩. ધર્મ ભાવના અને નિશ્ચય ધર્મ
૪. સંવર અને નિર્જરા
૫. સકલવ્રત અને વિકલવ્રત

પ્ર–૫: નિબંધ લખો – બાર ભાવના નું તમારા જીવનમાં મહત્વ ( છઢાળાના આધારે ). 5 Marks